
## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧




આગાહીને અનુમાનમાં માણસ ફૂલી જાય છે
અને ફોગટ સપનાના હિંચકે ઝૂલી જાય છે.
રૂલી જાય મુખ્ય કામ, ઉલી જાય વાત વિકાસની -
સત્તાના શૌચાલયમાં, દેવાલય ભૂલી જાય છે!
(લાલજીભાઇની લાભની પલ્ટી)




મળે વેંચાતી!
'ઉમેદવારી' પણ -
'દાગી' જ મળે!
('ટિકીટ'માં ડખા)

સમય જોઇ!
બદલાવે છે રંગ
'કમળ' પણ..
(થયાં કાળા-ધોળાં)

### ચિંતન

અતિથિ બાઁલકઃ પત્ની જનની જનકસ્થતા ।
પંચૈતે ગૃહિણઃ પોષ્યા ઇતરે ચ સ્વશક્તિઃ ॥

સુભાષિત રત્ન ભાંડાગારના 'સામાન્ય નીતિ' નામના બીજા અધ્યાયના આ શ્લોકમાં ગૃહસ્થીની સામાન્ય ફરજ-કર્તવ્ય સમજાવવામાં આવેલ છે.

'અતિથિ-અચાનક આવી પડેલ મહેમાન, બાળક, પત્ની અને માતાપિતા, આ પાંચ જણાને ગૃહસ્થીએ પોતાનો ધર્મ-કર્તવ્ય ફરજ સમજીને એમનું પાલનપોષણ કરવું અનિવાર્ય જ છે પરંતુ તે સિવાયનાનું પણ, પોતાની શક્તિ-મર્યાદામાં રહી પોષણ કરવું.'

'સામાન્ય નીતિ'માં ગૃહસ્થીએ રોજિંદા જીવનમાં બજાવવાનાં ધર્મ અને સદ્વ્યવહારની સમજ આપવામાં આવી છે. સંસારીના કર્તવ્ય સમજાવતાં કહ્યું છે કે - ગૃહસ્થીને ઘેર અચાનક આવી પડેલ મહેમાન પ્રત્યે પણ અણગમો વ્યક્ત કર્યા વિના સહૃદય સદ્ભાવ સાથે તેનો આદર સત્કાર કરી સ્વાગત કરવું જોઇએ આ નિશ્ચિત કર્તવ્ય-ફરજ છે.

બાળક અને સ્ત્રી ગૃહસ્થીની જવાબદારી છે કોઇ પણ પરિસ્થિતિમાં જાતે ભૂખ્યા રહીને પણ આ કર્તવ્ય બજાવવું જોઇએ.

આજે 'વૃદ્ધાવસ્થા'માં મા-બાપને મોકલી નવંદપતિઓ ભાર હળવો કરી 'નિરાંત'નો શ્વાસ લઇ 'વિસામો' અનુભવે છે આ ફરજચૂક છે.

આ પાંચ ઉપરાંત પણ યાચકો-સંતો અને ગરીબો દુ:ખી-દર્દીઓને પણ શક્તિ-સામર્થ્ય અનુરૂપ મદદ કરવી જોઇએ.

### સુવિચાર

- ચૂકવું અને ભૂલવું એ બેમાં ફેર છે... ભૂલનારને ક્ષમા મળી શકે, અને ચૂકનારને ભાગે અફસોસ આવે છે - **જ્ઞાનસૂત્ર**
- પાપના ઊંડા ખાડામાં એકવાર પડ્યા પછી પ્રતિક્ષણ નીચે જ જવાય છે- **અરેબિયન કહેવત**
- જેનો અમલ કર્યા પછી દિલને સુખ શાંતિ મળે એ જ સાચી નીતિ - **એન્ટોવ ચેખોવ**
- તમે આત્મવિશ્વાસથી ભરપૂર જીંદગી જીવો તો તમને જગતની કોઇ ચિંતા નહીં સતાવે - **ફાધર વાલેસ**
- જયારે મળવા લાગે છે ત્યારે વધુ મેળવવાનો લોભ લાગે છે - **રમેશ ઓઝા**
- જીવન આપણે ધારીએ છીએ એટલું દુ:ખમય નથી પણ આપણે ધારીએ એટલું સુખમય જરૂરથી બનાવી શકીએ - **મોરારી બાપુ**

### બોધ કથા

આજે તો વીઆઇપી ગણાતા અધિકારીશ્રીઓ અને વીવીઆઇપી ગણાતા ને દરેક જગ્યાએ 'ખાસ' ટ્રીટમેન્ટ મળે. એમને કોઇ કાયદા લાગુ ન પડે. એ લોકો જાતે પણ પોતાને વિશિષ્ટ અને 'ઉપરથી' ઉતરી આવેલા જ સમજવાની ગેરસમજ ધરાવતાં થઇ જાય છે. કાયદા અને કુદરતી ન્યાય આગળ સર્વ સરખા જ છે.

૧૯૦૨માં પૂનામાં પ્લેગ ફાટી નીકળ્યો. ઘેર ઘેર માંદગી અને મૃત્યુના ચોકા ચિતરાયા. શોક-આઘાત પણ નિષ્ઠુર થઇ - સ્તબ્ધ થઇ ગયા હતા.

લોકમાન્ય બાલગંગાધર તિલક પૂનામાં જે વિસ્તારમાં રહેલા હતા ત્યાં પણ પ્લેગે પગપેસારો કર્યો હતો. એમના ઘરમાં પણ બિમારી હતી, અને સૌ પ્રથમ ટિળકના ભત્રીજાનો ભોગ લીધો. હજુ આ શોકજન્ય ક્ષણની વેદના સમે ત્યાં અઠવાડિયામાં જ ટિળક મહારાજનો યુવાન જોધ-તેજસ્વી-પુત્ર વિશ્વનાથ પણ પ્લેગની ઝપટમાં આવી ગયો. તેજસ્વી પુત્રના મૃત્યુનો રંજ કયા પિતાને ન હોય!

એક દિવસ, એક સ્નેહી ખરખરો કરવા આવ્યા અને આશ્વાસન આપતાં કહ્યું - 'ખૂબ ખરાબ થયું!'

તરત તિલક બોલ્યા - એમાં ખરાબ શાનું- ઇશ્વરેચ્છા-જયારે ગામમાં હોળી પ્રગટી હોય ત્યારે ઘરવાળા એ પણ છાણાં આપવા જોઇએ. આથી વિશેષ આમાં શું બન્યું છે?!

Email - sureshchandrabhatt18@gmail.com

## રસ્તાની નજીકમાં દેખાતા મકાનો પાસે કાર અને બાઇકો પડેલાં દેખાતા હતાં એવું અનુમાન લગાવી શકાય કે અહીં લોકો પૈસે ટકે સુખી હશે, તેમનું જીવન ધોરણ ઊંચું હશે

સાંજે અમારે વન્ડુર જવાનું છે. પોર્ટબ્લેરથી દક્ષિણે ૩૦ કિ.મી.ના અંતરે તે આવેલું છે. મેમીયો, સી.પી. ઘાટ થઈને સીધા જ વન્ડુર જવાય છે. ત્યાં જવા માટે અમે પ્રાઈવેટ વાહનમાંથી નીકળેલા પણ એસ.ટી. બસ પણ જાય છે. એવું જાણવા મળ્યું કે, વન્ડુરમાં ૨૮૧.૫૦ ચો.કિ.મી.માં પથરાયેલો મહાત્મા ગાંધી નેશનલ મરીન પાર્ક આવેલ છે. એની નીચે ૧૫ ટાપુ આવેલા છે. એલેકઝાન્ડર, રેડીસ્કીન, હોપ-ડે, પ્લુટો, મલાયા, ઝેલીબોય, બોટ, ટ્વીન્સ તાર મુગલી, સ્નોબ, ગ્રબ, ચેસ્ટર, તેરા હુઆ અને રથ બેન્ડ.

વન્ડુરના રસ્તે પસાર થતાં બંને તરફ ગાઢ ગીચ જંગલ જોવા મળે છે. પોર્ટ બ્લેરની આજુબાજુ છે તેના કરતાં આ જંગલ વધુ ગીચ દેખાતું હતું. લીલોતરી જ લલોતરી દેખાય નજર અંદર સુધી દોડાવવાનો પ્રયત્ન કરીએ પણ વાંસ, નારીયેળી હંસરાજ જેવા છોડવાઓ અને મોટા પાન વાળા વેલાઓ કયાંક અશોક જેવા વિશાળ મોટાં થડ વાળાં વૃક્ષો પણ દેખાઇ જાય પણ નજર આગલ વધી શકે નહીં. હાં તેમાં જયાં સપાટ વિસ્તાર આવે ત્યાં નાના નાનાં ગામડાં, લોકો અને નિશાળે જતાં બાળકો જોવા મળી જાય ખરાં, અહીં ઘણી જગ્યાએ પાણી ભરાયેલાં હતાં. અમારી ગાડીના ડ્રાઇવરે માહિતી આપી કે અહીં પહેલાં ડાંગરને પાક થતો હતો પરંતુ સુનામી પછી દરિયાઇ પાણી અહીં ઘુસી આવતાં જમીન તદ્દન ખરાબ થઇ ગઇ છે. વળી ભરતી કે દરિયામાં તોફાન આવે ત્યારે દરિયાનું પાણી અહીં આવી જાય છે. અત્યારે જે પાણી ભરાયેલું છે તે ખારૂં છે. તેથી અહીં હવે ખેતી થતી નથી.

ફરી જંગલ વિસ્તાર શરૂ થયો હોય તેવું લાગ્યું. આ સી.પી.ઘાટ ફાર્મ હતું. તે ૧૯૫૯ માં માત્ર ચાર હેકટરમાં શરૂ કરવામાં આવ્યું હતું. ત્યારે આંદામાનનો જે ૧૫ હજાર હેકટર જેટલો ભાગ વૃક્ષારોપણ અને ખેતી માટે ઉપયોગમાં લેવાય છે એના ૧૦ ટકા જેટલો ભાગ આ ફાર્મનો છે.




અહીં વનરાજ અધિકારીની કચેરીમાં બોર્ડ રસ્તામાં દેખાયું ત્યાં નજર કરી તો દૂર ટેકરા ઉપર ઢળતા છાપરાવાળુ મકાન હતું. આંદામાન વન ખાતાને અહીં ચાર ભાગમાં વહેંચેલું છે. ઉત્તર આંદામાન, દક્ષિણ આંદામાન, મધ્ય આંદામાન અને તે ઉપરાંત બારાટાંગનો વિસ્તાર આવે છે. આ જુદા જુદા ટાપુઓ છે. પોર્ટબ્લેર દક્ષિણ આંદામાનમાં આવેલું છે. બીજા ટાપુઓ પર આદિવાસીઓ રહે છે.

જંગલ વિસ્તાર પસાર કરી હવે અમે ફરી એકવાર સમુદ્ર કિનારે બીચ પર આવી ગયા હતા. આ પર હેવલોકના રાધાનગર જેવો સુંદર બીચ હતો. અહીં સહેલાણીઓ સમુદ્ર સ્નાનની મજા લેતાં હતા. ઊંચા ઊંચા નાળીયેરીનાં વૃક્ષો ઉપરાંત જાંબુ, ગર્જન, અને પીપળાં જેવા પાન માળા મોટાં વૃક્ષો પણ જોવા મળતાં હતાં. અહીં વૃક્ષના થડમાંથી બનાવેલ લાકડાંની બેઠકો હતી. અમે કયાંય સુધી તેના પર બેસીને અમારી તરફ દોડી આવતાં સાગરના મોજાંઓને જોવાની મજા માણતાં હતા. સાથે ચ્હા અને કોફીની લિજ્જત પણ માણી. ત્યાંથી રવાના થઇ ફરી જંગલ વિસ્તાર તરફ આગળ વધ્યા. ત્રણેક કિ.મી. પસાર કર્યા પછી રસ્તામાં જમણી બાજુ એક બોર્ડ આવ્યું ત્યાં ડ્રાઇવરે અમારી ગાડી થંભાવી. અહીં કુદરતી રીતે થતાં રબ્બરનાં વૃક્ષોનું વાવેતર બહુ મોટા પ્રમાણાં કરવામાં આવેલું છે. તેની આસપાસ કાંટાળા તારની વાડ કરેલી છે અને લોખંડનો મોટો ઝાંપો બનાવેલ છે. ત્યાં અમને વર્ગીસ નામે માણસ મળ્યો. તે આ રબ્બરનાં વૃક્ષોનું જતન અને તેમાંથી રબ્બર કઇ રીતે મેળવવામાં આવે છે. તેનો જાણકાર હતો. તેણે અમને સૌને આવકાર્યા અને રબ્બરના પ્લાન્ટેશનમાં લઇ ગયો.

ચાલતા ચાલતાં અમે જોયું કે અહીં રબ્બરના વૃક્ષોના થડ ઉપર કાણા પાડવામાં આવેલ હતા. કયાંક ચાર છ ઇંચનાં પટ્ટામાં છાલ કાઢેલ હોય તેવું પણ જણાયું હતું. વર્ગીસ એક ઝાડ પાસે ઊભો રહી ગયો તેણે અમને સમજાવ્યું કે આ રબ્બરનાં ઝાડ દસ વર્ષનાં થાય પછી તેમાંથી રબ્બર મેળવી શકાય છે. તેના થડ પર કાપો મુકી ત્યાં વાસણ બાંધી દેવામાં આવે છે. તાડ ઉપરની નીરો ઉતારવાની જે રીત છે એવી જ લગભગ મળતી આ રીત જોવા મળે છે. વાસણમાં પ્રવાહી રબ્બર મળ્યા પછી તેને ઠારવામાં આવે છે અને તે જે મુજબ જાડાઇ જોઇએ તે પ્રમાણેના વાસણમા ઠારતા રબ્બરના ટૂકડાઓ મળે છે. તેને પણ પ્રોસેસ કરી જુદી જુદી વસ્તુઓ બનાવવામાં આવે છે.

અહીં અમે કાપા પાડેલાં વૃક્ષો જોયા પછી રસ્તાની સામેની બાજુ એક મોટું મદાન હતું ત્યાં અમે સૌ ગયાં બાજુમાં એક વિશાળ શેડમાં રબ્બર બનાવવાની કામગીરી અમે જોઇ વળગણી ઉપર કપડાં સુકવ્યા હોય તેમ રબ્બરના ટૂકડાઓને સુકવેલા પણ જોયા તેને સ્પર્શીને કુદરતી રબ્બર કેવું હોય તેનો અનુભવ પણ કર્યો. રંગ વગરના ધોળા ભૂખરા લાગતા રબ્બરનાં ટુકડાઓ ગમે તેવા નહોતા પણ પ્રોસેસ થયા પછી તેમાંથી આકર્ષક વસ્તુઓ બને છે તે જાણીને ખુબ આનંદ થયો.

પાછા વળતાં જોયું તો ડાબી બાજુએ એક દુકાન હતી. અહીં તજ, લવિંગ, મરી, કોફી, જાયફળ, તમાલપત્ર, સોપારી મળતી હતી.

દુકાનની સામે સોપારીનાં વૃક્ષો હતા. તે આમ તો તાડ કે નારીયેળી જેવા લાગે પણ તેનું થડ બહુ પાતળું અને વૃક્ષ ઘણું ઊંચુ, તેની ટોચે સોપારીનાં ઝુમખા લીલા - રતાશ પડતાં અને ઉઘડતી પીળાશવાળા લટકતાં હતા. મીનાએ નીચે પડેલ બે-ત્રણ સોપારી વીણીને લીધી. તે ઘેરા કથ્થાઇ રંગની છાલ સાથે હતી. ઉપરનું પડ સુકાઇ ગયેલું હતું અને હલાવી જોયું તો ખખડતું લાગ્યું. આપણે જેમ નારીયેળીને ઉપરથી છોકરાં કાંઢી નાંખીએ છીએ એમ ઉપરની જટા કાઢી નાંખતાં અંદરથી સોપારી નીકળી. ત્યાં મારી નજર કાળાં મરીના વેલા પર પડી. તે સોપારીના વૃક્ષના થડ પર ચડાવેલો હતો. તેમાં લીલા લીલા થોકબંદ ઝુમખાં લટકતા હતા. વર્ગીસે અગાઉથી તોડીને રાખેલ એક ઝુમખું અમને બતાવ્યું. તેમાંથી લીલા મરી ચાખ્યા તેની તીખાશ જબરી હતી. જીભ થોડીવાર ચચરી. અમે દુકાનમાંથી થોડાં મરી, તજ, તમાલપત્ર, લવિંગ વિગેરે લીધું.

અહીં તમિલ લોકોની વસ્તી વધુ છે તે ઉપરાંત બંગાળીઓ અને ઓરિસ્સાના લોકો પણ વસ્યા છે. તે જોતાં ભવિષ્યમાં સંઘર્ષો થવાની શક્યતા નકારી શકાય નહીં. વર્ગીસ પાસેથી જાણવા મળ્યું કે અહીં મોટા ભાગના લોકો ખ્રિસ્તી ધર્મ પાળે છે અને ખ્રિસ્તી મિશનરીઓ દ્વારા શાળાઓ શરૂ થવાના કારણે શિક્ષણનું પ્રમાણ સારૂં એવું છે.

અમે ત્યાંથી ફરી પાછા પોર્ટ બ્લેર તરફ જવા નીકળ્યા રસ્તામાં વૃક્ષ અને વનરાજીને જોતાં જોતાં રબ્બરનાં અને સોપારીનાં વૃક્ષો વિશે ચર્ચાનો ચાલતી હતી. આ આખો રીઝર્વ જંગલ વિસ્તાર છે. અહીંના ગીચ વૃક્ષો પણ કંઇક ગૂફ્તેગુ કરતાં હોય તેવું લાગે. કયાંક મુગ્ધ પ્રેમીઓની જેમ એક ને ખભે ઢળીને કંઇક વિચારમાં ખોવાઇ ગયેલું હોય તેમ કોઇ વૃક્ષને જોઇ શકાય. તો કોઇ વળી આકાશ ભણી ઊંચાને ઊંચા વધી જાણે કે પોતાની શ્રેષ્ઠતા સાબિત કરવાની હોડમાં લાગ્ય હોય તેવું દેખાય. અને પેળી વેલીઓ તો એક ઝાડની બીજે ઝાડ સુધી ફેલાયેલી વીંટળાયેલી જોવા મળે. કયાક લાંબા પાન વાળું તો કયાંક ટૂંકા પાનવાળું ઘાસ અને તેમાં જુદી જુદી જાતનાં છોડવાઓ એ જમીનને એવી તો ઢાંકી દીધી છે કે જાણે હરિયાળી જાજમ બિછાવી દીધી ન હોય. વરસાદ અહીં સારો પડે છે. તેથી વૃક્ષો બધાં સીધા સુંદરીઓ જેવા લાગતાં હતા. તેમાં લીલાં ચમકતાં પાન અને લીસ્સાં થડ તેમજ કોઇ કોમલાંગીની બાંહો જેવી ડાળો જોઇને એમ થાય કે અહીં વિશ્વસુંદરી સ્પર્ધાની જેમ વિશ્વના સુંદર વૃક્ષોની સ્પર્ધામાં આ વૃક્ષો બધાં આવ્યા લાગે છે.

વાંકાચુંકા રસ્તા પર આગળ વધતી અમારી ગાડી સીંગલ રોડ હોવાથી કયાંક સામે વાહન આવે ત્યારે ધીમી પડતી હતી. વચ્ચે વચ્ચે જયાં ગામડાં આવતાં હતા ત્યાં ઢળતા છાપરાવાળા ઘરો જોવા મળતાં હતા. વરસાદ જયાં વધુ થતો હોય ત્યાં આ પ્રકારના મકાનો બનતા હોય છે.

રસ્તાની નજીકમાં દેખાતા મકાનો પાસે કાર અને બાઇકો પડેલાં દેખાતા હતાં એવું અનુમાન લગાવી શકાય કે અહીં લોકો પૈસેટકે સુખી હશે. તેમનું જીવન ધોરણ ઊંચું હશે. અમે હવે પોર્ટબ્લેરની નજીકમાં આવી ગયાં હતા. નાના નાના ગામડા આવે ત્યાં રસ્તા પર બે પાંચ દુકાનો દેખાતી જયાં જીવન જરૂરિયાતની ચીજો મળતી હોય તેવું જોવા મળ્યું. જોકે અહીં વસ્તીનું પ્રમાણ ઓછું હશે તેવું લાગ્યા વિના રહે નહીં કારણ કે કયાંક લોકોનું ટોળું જોવા મળે નહીં, હાં એકલ દોકલ ઉભેલાં કે આવતાં જતાં લોકોને આપણે જોઇ શકીએ. અહીંનાં લોકો મોટે ભાગે દક્ષિણ ભારતનાં રહેવાસીઓ જેવા જ રંગે રૂપે લાગે સ્ત્રીઓ અને પુરૂષોના પહેરવેશ પણ એવા જ. ઊંચાઇ વધુ નહીં પણ રૂષ્ટપૃષ્ટ ખરા.

મીનાએ મને કહ્યું કે 'આવ્યાં ત્યારે તો વન્ડુર જલ્દી આવી ગેયલું પાછા ફરતાં રસ્તાને રબ્બરની જેમ કોઇ ખેંચી ખેંચીને લાંબો કરતું હોય તેવું લાગે છે.' ત્યારે મેં કહ્યું એવું નથી આપણે સૌ અત્યારે ઉતારા તરફ જઇ રહ્યાં છીએ. અને વળી ભૂખ પણ લાગી હશે તેથી એવું તને લાગે છે. અમારી વાત ચાલતી હતી ત્યાં હોટલ આવી જતાં ડ્રાઇવરે બ્રેક લગાવી.

(ક્રમશ:)

## વચન આપવામાં સ્હેજ પણ ઉતાવળ ના કરો અને પાળવામાં જરા પણ વિલંબ ના કરો : રત્નકણિકા

**સમાચાર સેતુ**

ગાંધીનગર સાહિત્ય સભાની રાબેતા મુજબ દર માસના બીજા રવિવારે અચૂક મળતી સભા તા. ૧૦-૧૧-૨૦૧૩ને રવિવારના રોજ સાંજના ૪.૩૦ વાગે 'બ્રહ્મભવન' વિદ્યા લાઇબ્રેરી પાછળ, સેકટર-૧૬, ગાંધીનગર ખાતે યોજવામાં આવેલ છે. જેમાં સાહિત્યકારો દિવાળી તથા નૂતનવર્ષ અંગેની, પોતાની સ્વરચિત કૃતિઓનું પઠન કરી શકશે. આ સભા નિયત સમયે શરૂ થશે અને સમયસર પૂર્ણ થશે. આથી આ બેઠકમાં સમયસર ઉપસ્થિત રહેવા માટે ગાંધીનગર સાહિત્ય સભાના તમામ સભ્યો, ભાવકો તેમજ સાહિત્ય રસિકોને વિનંતી કરવામાં આવે છે.

**રત્નકણિકા સેતુ**

- વચન આપવામાં સ્હેજ પણ ઉતાવળ ના કરો અને પાળવામાં જરા પણ વિલંબ ના કરો.
- વિશ્વાસ એ તો સમગ્ર વિશ્વનો શ્વાસ છે; તેને કદાપિ તૂટવા દેશો નહીં.
- સુખ વડે કયારેય શાંતિ નથી, હા! શાંતિ વડે સુખ જરૂર છે.
- વફાદારી એ પ્રેમનું અમોલ આસન છે, જયારે શંકા એ પ્રેમનું સ્મશાન છે.
- ગરીબોની ચિંતા છે "શુ ખાઇશું ?" અમીરોની ચિંતા છે "શું શું ખાઇશું ?" છે ને કરમની કઠણાઇ!
- એવી ધીરજ રાખીએ કે ધીરજની પર ધીરજ ખૂટી જાય.
- પોતાનાં વખાણ સાંભળવા હોય તો, જાતે પોતાનાં વખાણ કરવાં કાયમ ટાળજો.
- કોઇની પણ પાસેથી ઉછીની નહીં લીધેલી મૂડી પરનું ચક્રવૃદ્ધિ વ્યાજ એટલે ચિંતા.
- ખોવાયેલ ખજાનો ગમે ત્યારે મળી શકે, પરંતુ માતાનો ખોવાયેલ ખોળો કદાપિ મળી શકે નહીં.
- પુસ્તક એટલે સાહિત્યકારના દિલનો અમૂલો દસ્તાવેજ.

- 'દધિ'

### સર્જકો અને ભાવકો વચ્ચેનો સેતુ 'શબ્દ સેતુ'

સંપાદકો : નટવર હેડાઉ / મૂળજીભાઇ પરમાર 'દધિ'

**સાહિત્ય સમાચાર સેતુ**

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ગાંધીનગર દ્વારા 'બાળ સ્વર વિશ્વ' નામે બાળકો માટેના બાળ ગીતોની ત્રણ ઓડીયો સી.ડી.ના લોકાર્પણનો કાર્યક્રમ ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ ગાંધીનગરના સભાખંડમાં તા. ૧૧-૧૧-૨૦૧૩ સવારે ૧૦.૦૦ કલાકે રાખવામાં આવ્યો છે. આ સી.ડી.ઓમાં ઉર્મી ગીત ખંડ-૧ જેમાં મારાં આંગળાનો જાદુ શિર્ષકથી કલ્પનાની સૃષ્ટિનો વિહાર કરાવતાં બાળગીતો, રાષ્ટ્ર ચેતના ખંડ-૧, એદ દેશ સંદેશ એક શિર્ષકથી રાષ્ટ્ર ચેતનાને ઝંકૃત કરતી શૌર્યભરી ચૂરાવલિ, પ્રેરણાગીત ખંડ-૧ અંતરનો એક તાર શિર્ષકથી ભાવ વિશ્વમાં નિમગ્ન કરાવતાં ભક્તિ ગીતો ને સમાવવામાં આવ્યાં છે. એ રીતે પ્રત્યે ક બાળકમાં ઉર્મિ, પ્રેરણા અને રાષ્ટ્ર ચેતનાનો સૂરમય આવિર્ભાવ માટે ગુજરાતના ખ્યાતિ પ્રાપ્ત સંગીતકારો દ્વારા ભાવસભર ગીતો સ્વરબદ્ધ કરાવી, તે પ્રખ્યાત ગાયકો દ્વારા ગવાયેલાં ઉપગીતો, ગુજરાતના ઘર ઘરમાં ગૂજતાં થાય એવા ઉમદા હેતુથી તેનું નિર્માણ થયેલું છે. તે ઉપરાંત ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી દ્વારા ભૂલકાંઓનો ખજાનો ભાગ-૧, ૨, ૩, અને શૈશવનું સ્મિત. તેમજ તરૂમ માનસ જેવા ઉપયોગી પુસ્તકોનું પ્રકાશન પણ કરવામાં આવેલું છે.

- માહિતી કમિશ્નરની કચેરી ગાંધીનગર દ્વારા પ્રગટ થતાં ગુજરાત પાક્ષિકનો દિવોત્સવી અંક પ્રગટ થયો છે. દર વર્ષે પ્રગટ થયો દળદાર દિપોત્સવી અંક સાહિત્ય જગતમાં અને વાંચકોમાં એક માઇલસ્ટોન ગણાય છે. આકર્ષક મૂખપૃષ્ઠ તેમજ સુંદર રંગીમ ગમી જાય તેવા ચિત્રો અને તસ્વીરો સાથેનાં આ આંકને પાંચ વિભાગમાં વહેંચવામાં આવ્યો છે. જેમાં અભ્યાસ લેખ સંપુટમાં વિદ્વાન લેખકોનાં વિષય વૈવિધ્ય ધરાવતા ૩૧ લેખો સમાવવામાં આવ્યા છે. તો નવલિકા સંપુટમાં ગુજરાતના ખ્યાતનામ લેખકોની ૩૧ નવલિકાઓ મળે છે. તે ઉપરાંત વિનોદિકા સંપુટમાં ૧૮ જેટલા હાસ્ય વિનોદના લેખો દ્વારા નવા વર્ષમાં વાચકોને હસાવવાનો સુંદર પ્રયત્ન કર્યો છે અને નાટિકા સંપુટમાં ૭ જેટલા નાટકો પ્રગટ કરવામાં આવ્યા છે. અંકનો સૌથી મોટો વિભાગ કાવ્ય સંપૂટ છે. તેમાં ગુજરાતના ખ્યાતનામથી લઇ નવોદિત સુધીના કવિઓની ઉચ્ચકક્ષાની કાવ્ય રચનાઓ પ્રગટ કરવામાં આવી છે. તેની સંખ્યા ૯૪ જેટલી માતબર છે. વિશેષાંકની ખાસ ઉડીને આંખે વળગે તેવી વિશેષતાં અને ગાંધીનગર માટે ગૌરવ લેવા જેવી બાબત એ છે કે તેમાં ગાંધીનગરના ૩૮ જેટલા સર્જકોની કૃતિઓને સમાવવામાં આવી છે. આવો સરસ વિશેષાંક આપવા ગુજરાત વિશેષાંકના તંત્રીશ્રી ભાગ્યેશ જહા, સંપાદક પુલક ત્રિવેદી, અને સંપાદક મંડળના સૌ સૌથીઓ અભિનંદનના આધિકારી છે.
- ગુજરાત સાહિત્ય અકાદમીના મુખપત્ર શબ્દ સૃષ્ટિનો દિપોત્સવી વિશેષાંક પ્રગટ થયેલો છે. દર વખતની જેમ એક ચોક્કસ વિષયને લઇને તૈયાર થતા આ વિશેષાંકમાં આ વખતે 'નિબંધ અને હું' વિષય અંગેના અભ્યાસપૂર્ણ લેખો દ્વારા જુદા જુદા ૪૫ જેટલા નિબંધકારોની કેફિયત ૨૧૮ પાનામાં રજૂ કરવામાં આવી છે. જેમાં ગુજરાતના જાણીતા નિબંધકારોની સર્જન પ્રક્રિયાને સમજવાનો વાંચકને સુંદર અસવર પ્રાપ્ત કરી આપવા બદલ વાચકો તંત્રી અને સંપાદકના ઋણી રહેશે.
- પૂરા પરિવારના સર્વલક્ષી સુરૂચિપૂર્ણ સામયિક તરીકે છેલ્લા ૮૯ વર્ષથી પ્રગટ થતાં ગુજરાતના અગ્રણી સાહિત્યિક સામયિક કુમારનો દિપોત્સવી અંક પણ પ્રગટ થઇ ગયો છે. તેમાં ૧૭ જેટલા લેખો તે ઉપરાંત જુદા જુદા વિભાગો જેમ કે વાચકો લખે છે. કાર્ટૂનવિધિ, સાહિત્ય સંપર્ક, પ્રાપ્ત પ્રકાશનો, કંકાવટી, અડકોદડકો, કલાવાર્તા, કલાવૃત્ત, માધુકરી, અને છેલ્લું પાનું અંતર્ગત પ્રવાસ કથા, નવલિકા, લઘુકથા, સંસ્કૃતિ કથા બાળ સાહિત્ય અને વિદ્વતાપૂર્ણ લેખો તેમજ કાવ્યો સમાવવામાં આવ્યાં છે.
- એકમેક શિર્ષકથી વડોદરા ખાતેની ૩૧ વર્ષથી પ્રગટ થતાં સામાયિકનો દિપોત્સવી અંક 'એકમેક ની અટારીએથી' પ્રગટ થયો છે. જેમાં વિવિધ વિષયોનાં ૧૨૮ લેખો સમાવવામાં આવ્યા છે.

## અંગ્રેજી જીવન પદ્ધતિ આપણા જીવન સાથે એવી તો વણાઈ ગઈ છે કે ભારતીય મહિનાના નામો તીથી કે વારના નામો યાદ કરવા પડે છે

### સંસ્કારોનું ધોવાણ
### વિચાર યાત્રા

- અનંત ન. વ્યાસ

આપણી ભાવી પેઢી સમક્ષ પરંપરાગત સંસ્કારોની વાતો કરતા ધરાતા નથી. આપણી સંસ્કૃતિની મહાનતા ને આપણી રાષ્ટ્રીય ભાવનાના મધુરાં ગીતો ગાતા ફરીએ છીએ. વાતો તો પૌષ્ટિક, મીઠા લાડુની કરીએ છીએ પણ બાળકોને 'ફાસ્ટ ફુડ' પીરસીએ છીએ. ઉગતી પેઢીની નજર સમક્ષ સતત તેના લક્ષ્યમાં આવે તેવા કોઈપણ પ્રકારના રોલ મૉડલની વ્યવસ્થા અંગે વિચારતા જ નથી. બાલ્યાવસ્થાથી કિશોરાવસ્થા સુધીનો સમયગાળો સંસ્કાર ઘડતરમાં અતિ મહત્વનો છે. જે સમયે બાળકોને વધારેને વધારે હૂંફની જરૂર હોય છે ત્યારે જ તેને વધારેમાં વધારે અળગા કરીએ છીએ. ઉછરતી પેઢીની નજર સમક્ષ આદર્શ ભાવનાઓ વ્યકત કરતા વાક્યો, ચિત્રો, દૃશ્યો કે વ્યક્તિઓ કંઈ જ હોતું નથી. બાળક જ્યાં કાલુ કાલુ બોલતું થાય ત્યાં આપણે તેને શું શીખવીએ છીએ? ટ્વીકલ ટ્વીકલ લીટ સ્ટાર કે જૅક ઍન્ડ જૅલી.. આપણા આંગણામાં દોડતી નાની ખીસકોલી, બિલાડી કે ચકલીના જોડકણાં નથી કહેતાં. પ્રથમ પગલે જ બાળકના મનમાં પ્રકૃતિથી વિમુખતાનો ભાવ પેદા થાય છે. જેમ જેમ બાળક મોટો થતો જાય છે તેમ તેમ વિમુખતા વધતી જાય છે. જરા આજુબાજુ નજર કરશો તો કીડ- પ્લે, બર્ડ પ્લે, ચીલ્ડન પ્લે જેવા નામો ધરાવતા બાળકો માટેના કેદખાનાઓ વધતા જાય છે અને મા-બાપ હોંશે હોંશે બાળકને તેમાં પુરવા મુકવા આવે છે. આમાં ક્યાંય બાળક મંદિરનું પાટિયું નથી દેખાતું મંદિર ગયું ને પ્લે-ની વાત આવી ગઈ. બાળકોને આ હેવના લાગે છે કે હેલ તેના તો વિચાર થતો નથી. મંદિરનો પ્રભુ બાળક હવે પ્લે-ની કુકરી કે રમતનો ચાસો બનતો જાય છે. અક્ષર શીખવાનો સમય થયો. જૂના સમયમાં સૌ પ્રથમ 'શ્રી' ઘૂંટાવતા. ક્યાંક 'ક' ઘૂંટાવતા. પણ હવે તમો જોશો તો બાળક પાસે આડા, ત્રાસા, ઊભા, આડા... લીટા દોરાવે છે. બહાનું તો એવું કઢાય છે કે નાના બાળકોનો કુમળો હાથ વળાંકવાળા અક્ષર ન કાઢી શકે. પણ ગર્ભિત વાત ઊંડી છે. અંગ્રેજી આલ્ફાબેટસ મોટા ભાગે લીટાથી બને છે જેવા કે, એ, ઈ, એફ, ઍક્સ, એમ ઈત્યાદિ બાળકોને ભારતીય કક્કો અઘરો છે પણ અંગ્રેજી અક્ષરો સરળ છે તેવું અપરોક્ષ રીતે મનમાં ઠસાવાય છે. નાનપણમાં વળાંકવાળા અક્ષરો ઘૂંટનાર અક્ષર તો મોતીના દાણા જેવા થાય છે.

મીશનરી શાળામાં તો બાળાઓને ચાંલ્લો કરવાની મનાઈ નાક-કાનમાં કંઈ પેરવાની મનાઈ, કદાચ સમાનતાને બાળકોની સલામતી માટે આવો નિયમ હશે તેવું ન માની લેશો. એ જ શાળાના શિક્ષકોને શિક્ષિકાઓ ગળામાં મોટો ક્રોસ લટકાવી ફરતા હોય છે. ભણતરમાં ક્રોસ આડો નથી આવતો. એક ને ચાંલ્લો આડા આવે છે .બાળક એલ કે.જી. કે યુ કે.જી. (આપણે એકડિયા તથા બાળક પોથી)માં હોય ત્યાં તો યુનિફોર્મ. આ યુનિફોર્મનું પણ ભારે તૂત છે. બાળકોને તો ભડકતા રંગવાળા, બાઇછડા જેવા કપડાં પહેરવા ગમે છે. પણ શાળઆમાં યુનિફોર્મ ફરજિયાત. યુનિફોર્મમાં યુનિટી ઉભી થાય છે તે વાત તદન ખોટી છે. બાળકના યુનિફોર્મમાં ટાઈ કે બ્લૉ. ને કાળા બુટ, મોજાં... આપણા દેશના વાતાવરણમાં આ વાત તદ્ન અપ્રસ્તુત છે. રાષ્ટ્રીય દેશી પોષાક માતા-પિતા તથા બાળકને મન પસંદ હોય તે પહેરવા દેવો જોઈએ. પણ આતો પાશ્ચાત સંસ્કૃતિનું આરોપણ છે. તે કેમ બંધ થાય અને આપણે કેવું ધ્યાન રાખીએ છીએ યુનિફોર્મ પર ડાઘ ન પડવો જોઈએ. બાળકના મન પર ભલે ડાઘા પડે. તમારા બાળકને રજાના દિવસે યુનિફોર્મ પહેરવાનું કહેશો તો તુરંત ખબર પડશે કે બાળકના મનમાં શું છે.

નાના હતા ત્યારે દરેક વર્ગમાં સરસ્વતીનું ચિત્ર રહેતું. વર્ગની શરૂઆત સરસ્વતીની પ્રાર્થનાથી થતી. ને તેઓ તમામ બાળકો સાથે પ્રાર્થના કરતા. વિદ્યાનું વરદાન માગતા. લઘુમતિનો કોઈ પ્રશ્ન ઉઠતો નહી. પણ અંગ્રેજોએ બિન-સાંપ્રદાયિકતાનું જે ભૂંસું આપણા નમાલા નેતાઓના મનમાં ભરાવ્યું છે તેના પ્રતાપે શાળામાંથી સરસ્વતીને ગણેશ ગયા. પરિણામે બાળકને મળતી સદવિદ્યા અને શ્રી ગયા. હવે તો ગ- ગધેડાનો ભણવાનો સમય આવ્યો છે.

બાળ માનસમાં પ્રકૃતિ પ્રત્યે પશુ-પક્ષી પ્રત્યે માયાને પ્રેમ જોગે, રામ-કૃષ્ણ- પરત્વે માન પ્રગટે તેનું જ્ઞાન વધે. સ્મૃતિ કેળવાય. આવા આવા લક્ષણો ઘડાય છે નાની નાની બાળવાર્તાઓ દ્વારા સંયુક્ત કુટુંબમાં તો દાદા દાદી વાર્તાઓ કહેતા. માતા-પિતાના કડક વલણથી ઘવાયેલા બાળકના મન પર અમૃત રેડતા પણ આજે કો કુટુંબ પ્રયાજ તૂટી પડતી જાય છે. દાદી મળતા નથી ને માતાઓને વાર્તા કહેવા જેટલી નવરાશ નથી. તેથી બાળક ટીવી સામે બેસે છે. કાર્ટૂન ફિલ્મો જુવે છે જેમાં અકલ્પય- વાતો- ભારે વિચિત્ર દેખાવો અને જાતભાતના ન માની શકાય તેવા ચમત્કારો દેખાડવામાં આવે છે. જો સમજણો થયેલો બાળક સામાજિક સીરીયલો જુવે તો તેમાં દારૂ પાર્ટી ને ખૂનની વાતો જ હોય છે. પરિણામે પ્રેમ, સહિષ્ણુતા અને સમજણના બદલે હિંસાની ભાવના મનમાં કેળવાય છે. તૂટતી જતી કુટુંબ પ્રથાને વધારે તોડવામાં આવે છે.

જરા આપણા ઘર પરત્વે પણ નજર કરવાની જરૂર છે. એક જમાનામાં ઘરની દિવાલો પર ભગવાનના ચિત્રો લટકાવવામાં આવતાં, કુટુંબના ફોટા મુકાતા, રાષ્ટ્રીય નેતાઓ, ગાંધીજી, નહેરુ ને સુભાષના ફોટો કે ચિત્રો રખાતા. કોઈ કોઈને ત્યાં મહારાણા પ્રતાપ કે શિવાજીના ચિત્રો પણ રહેતા. આ ચિત્રો ઉછરતી પેઢીની નજર સમક્ષ સતત રહેતા. પરિણામે તેના વ્યક્તિત્વમાં ફેર પડતો. પણ આજે કોઈની દિવાલ પર તમો આવા ફોટા કે ચિત્રો નહી જીવો ડ્રૉઈંગ સમની દિવાસો તદ્ન સાફ હોવી જોઈએ. તેવો વિચાર પ્રચલિત બન્યો છે. પરિણામે જૂના ચિત્રો તથા ફોટા પસ્તીમાં ગયા ઉછેરતી પેઢીનો ભારતીય ઈતિહાસ પરત્વેના અજ્ઞાન દર્શાવતો સ્પષ્ટ દાખલો, શ્રીમતિ સુધા-મૂર્તિએ રોક્યો છે. જેમાં બે કિશોરો રાણી લક્ષ્મીબાઈના સ્ટેચ્યુ વિષે બેહૂદા સવાલો કરે છે.

અંગ્રેજી જીવન પદ્ધતિ આપણા જીવન સાથે એવી તો વણાઈ ગઈ છે કે ભારતીય મહિનાના નામો તીથી કે વારના નામો યાદ કરવા પડે છે. શુકલ પક્ષ અને કૃષ્ણપક્ષ સુદ અને વદ શું છે. તેની સમજ નથી. આ ગાંધીનગરમાં જ દિવાળી ભાદરવા વદ પૂનમે આવે તેવું ભણાવાયું હતું. બાળકને ઓગણા એસીં એટલે સેવન્ટી નાઈન કહેવું પડે છે. પ્રાથમિક શાળાથી માંડી આંકડા તો અંગ્રેજીમાં જ લખાય તેવું બાળકોના મનમાં દૃઢ થતું જાય છે. જૂના વખતમાં દરેક વર્ગમાં ભારતનો નકશો ટૂંગાતો ને નવરાશના વખતે બાળકો એ નકશામાંથી શહેર, નદી, પર્વતના સ્થાન શોધતા. આજે કાંઈ શિક્ષક નકશો લઈ વર્ગમાં જતા નથી. ગૌહતિ અને દ્વારકા ક્યાં આવ્યા તો તે માટે માથું ખંજવાળવું પડે છે.

યુવાનોમાં સંગીત સાંભળવાનો ક્રેઝ વધતો જાય છે. ઈયર ફૉનથી સંગીત સાંભળે છે તે પાશ્ચાત્ય તર્જનું હોય છે. ઑરકેસ્ટ્રા પણ ઘોંઘાટીયું હોય છે.

(અનુસંધાન પાના નં. ૫ પર)